# સરકારી વિનયન કોલેજ, માંડલ

## *"ઇનોવેશન & સ્ટાર્ટપ-એક દિવસીય સેમીનાર"*

**તા-૧૫/૧૦/૨૦૨૪**

સરકારી વિનયન કોલેજ, માંડલ ખાતે તા-૧૫/૧૦/૨૦૨૪ને મંગળવારના રોજ પ્રિન્સીપાલ મેડમ ડો. માલાબેન શર્માના માર્ગદર્શન હેઠળ વિકાસ સપ્તાહ ઉજવણી અને SSIP 2.0 પોલિસી અંતરગર્ત કોલેજમા "ઇનોવેશન & સ્ટાર્ટપ-એક દિવસીય સેમીનાર" યોજવામાં આવ્યો. જેમા SSIP પ્રોજેક્ટના કો-ઓડિનેટર પટેલ નિતીનકુમારે વિદ્યાર્થીઓને સ્ટાર્ટપની માહિતી આપી હતી. સેમીનારમાં મુખ્ય વક્તા તરીકે સરકારી ટેકનીકલ તાલીમ ભવન,માંડલ ના પ્રો. તન્વીરખાન આર.મલેક ઉપસ્થિત રહ્યા હતા. જેમણે ભારતમાં ઉધોગોની સ્થિતી, તેની મહત્વતા, જરૂરિયાત, નવિન વિચારોનું ઉદ્યોગમાં પ્રદાન વગેરે પર પોતાના વિચારો રજુ કર્યા હતા. ઉપરાત ઉદ્યોગ અને સ્ટાર્ટઅપ વિશેના અનુભવો વિદ્યાર્થીઓ જણાવ્યા હતા. તેમા આવતી મુશ્કેલીઓ, સંઘર્ષની વાતો વિદ્યાર્થી સમક્ષ મુકી હતી. કાર્યક્રમના અંતે સરકારના મહત્વાકાક્ષી પ્રોજેક્ટ અને સ્ટાર્ટઅપ સંદર્ભની ઉપયોગીતાની માહિતી આપી હતી. આ સમ્રગ કાર્યક્રમનું સંચાલન પ્રો. નિતીન પટેલ દ્વારા કરવામાં આવ્યુ હતુ.








